# વિષય – ગુજરાતી
# ધોરણ -૭
# ૧૪.ઊડે રે ગુલાલ

# C.W WORK

## 14. ઊડે રે ગુલાલ

નટવર પટેલ

H3A7F8



આ કાવ્યમાં કવિએ જુદા જુદા ઉત્સવો પૈકી હોળી-ધૂળેટીની ઉજવણીના પ્રસંગનું સુંદર વર્ણન કર્યું છે.

ઘેરૈયાની આવી ટોળી, ઊડે રે ગુલાલ !
આલો પૈસો આજે હોળી, ઊડે રે ગુલાલ !
રંગભરી પિચકારી લાવ્યા, ઊડે રે ગુલાલ !
જે દોડ્યા તે આજે ફાવ્યા, ઊડે રે ગુલાલ !
કાકાની ઉછાળી ટોપી, ઊડે રે ગુલાલ !
ટોળાએ મરજાદા લોપી, ઊડે રે ગુલાલ !
ખજૂર, ધાણી, શ્રીફળ માગે, ઊડે રે ગુલાલ !
મળતાં લાગો વધતી આગે, ઊડે રે ગુલાલ !
ભાભીની ભીંજી ચૂંદલડી, ઊડે રે ગુલાલ !
કાકાની રંગી ધોતલડી, ઊડે રે ગુલાલ !
રંગે હોળી સૌને સરખા, ઊડે રે ગુલાલ !
માણો આનંદ છોડી નખરાં, ઊડે રે ગુલાલ !



# C.W WORK

## શબ્દસમજૂતી

**ઘેરૈયો** હોળી ખેલવા નીકળેલો, ઘેરૈયામાંનો માણસ **પિચકારી** પાણીની શેડ છોડવાનું ભૂંગળી જેવું એક સાધન **મરજાદા** અદબ, સભ્યતા, મર્યાદા **લોપી** લોપ કરી, અળગી મૂકી **ધાણી** શેકવાથી ફૂટેલા અનાજના દાણા, અનાજના દાણા શેકીને બનાવેલી વસ્તુ **ચૂંદલડી** ચૂંદડી, એક જાતનું ભાતીગળ રેશમી લૂગડું **ધોતલડી** ધોતિયું, થેપાડું **નખરાં** ચેષ્ટા, ચાળા **લાગો** દાપું, હકસાઈ, પોતાના હકની રકમ કે વસ્તુ

## ભાષાસજ્જતા

- **નીચે આપેલા વર્ણસામ્ય ધરાવતા શબ્દોનો અર્થભેદ સમજો :**

દા.ત.,

- **દિન** - દિવસ
  **દીન** - ગરીબ
- **પાણિ** - હાથ
  **પાણી** - જળ
- **ધુનિ** - નદી
  **ધુની** - તરંગી
- **પુર** - નગર
  **પૂર** - જલસંકટ
- **અહિ** - સાપ
  **અહીં** - અહીંયાં, આ સ્થળે
- **નાસ્તો** - હળવો ખોરાક
  **નાસતો** - ભાગતો
- **ગુણ** - વિશેષતા
  **ગૂણ** - થેલો
- **ચિર** - લાંબું
  **ચીર** - વસ્ત્ર
- **મા** - માતા
  **માં** - અંદર

**પ્ર-1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

**C.W WORK**

1. કોની ટોળી આવી રહી છે?

   ઘેરૈયાની ટોળી આવી રહી છે.

2. ટોળાએ મર્યાદા વટાવતા શું કર્યું?

   ટોળાએ મર્યાદા વટાવતા, કાકાની ટોપી ઉછાળી.

3. ખજૂર, ધાણી, શ્રીફળ કોણ માગે છે?

   ઘેરૈયા ખજૂર, ધાણી, શ્રીફળ માગે છે.

4. ‘લાગો’ એટલે શું?

   ‘લાગો’ એટલે દાપું, પોતાના હક્કની રકમ.

5. નખરા છોડી કવિ શું કરવાનું કહે છે?

   નખરા છોડી કવિ આનંદ માણવાનું કહે છે.

# C.W WORK

**પ્ર-2. આ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડીઓ લખો :**

1. ટોળી
   હોળી
2. ટોપી
   લોપી
3. ચૂંદલડી
   ધોતલડી
4. લાવ્યા
   ફાવ્યા
5. માગે
   આગે
6. સરખા
   નખરા

# C.W WORK

**‘કાકાની ઉછાળી ટોપી, ઉડે રે ગુલાલ !**
**ટોળાએ મરજાદા લોપી, ઉડે રે ગુલાલ !**
**ખજૂર, ધાણી, શ્રીફળ માગે, ઊડે રે ગુલાલ...**

તાનમાં આવીને ઘેરૈયાઓએ મસ્તીમાં કાકાની ટોપી ઉછાળી, ચારે બાજુ ગુલાલ ઊડી રહ્યો છે.(કાકાની ટોપી ઉછાળીને) ટોળું મર્યાદા ચૂકી ગયું છે, આજે ચારે બાજુ ગુલાલ ઊડી રહ્યો છે.ટોળી ખજૂર, ધાણી, શ્રીફળ માગે છે, આજે ચારે બાજુ ગુલાલ ઊડી રહ્યો છે.લાગો મળતાં (ટોળી) આગળ વધતી જાય છે, આજે ચારે બાજુએ ગુલાલ ઊડી રહ્યો છે.

1. ઘેરૈયાની આવી ......... ......... .........

TEXTBOOK WORK

......... ......... ......... ......... ...........

......... ......... ફાવ્યા, ઊડે રે ગુલાલ !

ઘેરૈયાની આવી ટોળી, ઊડે રે ગુલાલ !
આલો પૈસો આજે હોળી, ઊડે રે ગુલાલ !
રંગભરી પિચકારી લાવ્યા, ઊડે રે ગુલાલ !
જે દોડ્યા તે આજે ફાવ્યા, ઊડે રે ગુલાલ !

**પ્ર-5. સુચના પ્રમાણે કરો :**

C.W WORK

1. તમારા ગામમાં ઉજવાતા તહેવારોની યાદી બનાવો.

નવરાત્રી, રથયાત્રા, હોળી,દિવાળી, જન્માષ્ટમી, દશેરા, ઉતરાયણ વગેરે તહેવારો ઉજવાય છે.

2. તમને ગમતા બે તહેવારોના નામ લખો.

મને ગમતા બે તહેવારો દિવાળી અને ઉતરાયણ છે.

3. તહેવારો તમને શા માટે ગમે છે ? ટૂંકમાં જણાવો.

તહેવારો આપણા જીવનમાં આનંદ અને ઉલ્લાસ ભરી દે છે. તહેવારોમાં નવા કપડાં પહેરવાની અને મીઠાઈઓ તથા પકવાન ખાવાની મજા પડે છે. તહેવારોમાં મિત્રો અને સગા – સંબંધીઓને મળવાનું થાય છે જે મને ખૂબ ગમે છે. તહેવારો આપણા જીવનની નીરસતા દૂર કરી નવા રંગો ભરી દે છે તેથી મને તહેવારો ખૂબ ગમે છે.

# TEXTBOOK WORK

**પ્ર-૬. નીચે આપેલા શબ્દોમાં એક શબ્દ જુદો પડે છે. જુદો પડતો શબ્દ શોધીને તેના પર O કરો.**

1. પિચકારી, ઘેરૈયા, રંગ, ફટાકડા

   ફટાકડા

2. વરસાદ, પાણી, વાદળ, ધાણી

   ધાણી

3. ઘર, સાબુ, દરવાજો, દીવાલ

   સાબુ

4. સૂર્ય, તડકો, ધરતી, ગરમી

   ધરતી

5. ખજૂર, ધાણી, પિચકારી, રાખડી

   રાખડી

6. કાકા, ભાભી, મામી, મમ્મી

   કાકા

## TEXTBOOK WORK

### પ્ર-7. નીચેના શબ્દોને શબ્દકોષના ક્રમમાં ગોઠવો :

1. પિચકારી, ચૂંદડી, ખજૂર, ઉછાળવું, ધાણી, ઘેરૈયો

(1) ઉછાળવું
(2) ખજૂર
(3) ચૂંદડી
(4) ધાણી
(5) પિચકારી